




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૭૮ | ૬ ઓગસ્ટ, ૨૦૧૮, સોમવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### માનવ સેવા મંડળનો અવિરત સેવાયજ્ઞ

જયશ્રીકૃષ્ણ..! આજની પ્રભાતે પાટનગરના ૧૫ મિત્રોની પ્રેરક વાત કરવી છે. 'માનવ સેવામંડળ'ના નામે પ્રવૃત્તિ કરવાના નિર્ધાર સાથે દર મહિનાના બીજા અને ચોથા રવિવારે શહેરની નિયત અગિયાર સંસ્થાઓમાં ફળ-મિઠાઈ-ચોરસા કે ટૂવાલનું વિતરણ કરવું, સેક્ટર-૨૨ નારીકેન્દ્રની ૨૦ બહેનો, સે. ૧૩ રિમાન્ડ હોમના ૧૫ બાળકો, સિવિલ હોસ્પિટલના ૫૦૦ની આસપાસના દર્દીઓ, અંધશાળાના ૫૦ વિદ્યાર્થીઓ, એચઆઈવીગ્રસ્ત બાળકોના વિશેષ બાળગૃહના ૪૫ બાળકો, સમર્પણ મુકબધીરના ૪૦ બાળકો, કૈલાસધામ અને રાહેલબા વૃધ્ધાશ્રમના ૧૫૦ વડિલો, ડભોડા ભિક્ષુકગૃહના ૧૧૫ ભિક્ષુકો તથા ઝુંપડપટ્ટીના ૩૦૦ બાળકોને મહિનામાં બે વખત સફરજન-કેળા કે મિઠાઈનું વિતરણ છેલ્લા સત્તર વરસથી કરવાની કપરી કામગીરી માનવ સેવા મંડળના મિત્રો કરે છે.

દર મહિને ૧૫૦૦થી વધુ સંવેદનશીલ નાગરીકો પાસે જઈ સ્વેચ્છાએ સહયોગ માટે અપીલ કરાય છે. આ તમામે પોતપોતાની શક્તિ પ્રમાણે સહયોગ આપવાનું વચન આપ્યું છે. અને એ વચન મુજબ રૂ. ૧૦ થી લઈને ૫૦૦ રૂ. સુધીની રકમ શહેરના નગરજનો દ્વારા દાનમાં અપાય છે. આમ દર મહિને ૪૫ થી ૫૦,૦૦૦ રૂ.નો ફંડ એકત્ર થાય છે. દર બીજા અને ચોથા રવિવારે સવારે ૧૦ વાગે સિવિલ હોસ્પિટલના ખોડિયારમાતાના મંદિર ૧૫ સેવાધારીઓ એકઠા થાય છે અને સૌ સાથે મળી કોઈની ગાડી કે કોઈના સ્કૂટર ઉપર વિતરણ કરવાનો રૂટ નક્કી થાય છે. બિસ્કીટ-ચવાણુ-મિઠાઈ કે ફળફળાદી સાથે લઈ નિયત ૧૧ સ્થાનો પર પહોંચાડવાની કામગીરી શરૂ થાય છે. ૩ થી ૪ કલાકની અવિરત કામગીરીના અંતે ૧૫૦૦થી વધુ પીડીતો-વંચિતોને કે જરૂરિયાતમંદોને કંઈક આપ્યાનો સંતોષ મેળવે છે. ક્યારેક ગરીબ દર્દીઓને દવાનો સહયોગ તો ક્યારેક વડિલોને યાત્રાનો સહયોગ આપીને નોખી અનોખી સેવાની કેડી કંડારે છે.

'ટીંપે ટીંપે સરોવર ભરાય' એ કહેવત સાર્થક થતી હોય એમ સચિવાલય સહિતની કચેરીઓમાં ટેબલે ટેબલે ફરીને આ સેવાધારીઓ સ્વૈચ્છિક ફાળો એકત્ર કરે છે. કોઈ ૧૦ રૂપિયા આપે કોઈ ૫૦ કોઈ ૧૦૦ રૂપિયા આપે એમ કરતાં કરતાં એકત્રિત ફાળાની રકમ ૪૦થી ૫૦ હજારે પહોંચે છે. ક્યારેક તહેવારો હોય તો આંકડો ઉંચે પણ પહોંચે. ક્યારેક કોઈના ત્યાં સારો પ્રસંગ હોય ત્યારે પણ વિશેષ દાન આપીને સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરે છે. મજાની વાત તો એ છે કે કોઈ દિવસ પ્રેસનોટ કે ફોટો આપ્યા વિના સત્તર સત્તર વરસથી સેવાની ધુણી ધખાવીને બેઠેલાં માનવ સેવામંડળના મશાલચીઓને

● અનુસંધાન પાન-૭ પર

# આયુષ્યમાન ભારત યોજના ૧૫મીથી ૧૨ રાજ્યોમાં અમલી

**સ્કીમમાં કોઈ ફ્રોડ ન થાય : મોદીની સ્પષ્ટ સૂચના : ૫૦ કરોડ લોકોને આરોગ્યની સુવિધા મળશે : દરેક પરિવારને પાંચ લાખનું હેલ્થ કવર અપાશે**

નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી આયુષ્યમાન ભારત ઈન્સ્યોરન્સ યોજના થોડાક દિવસમાં જ લોન્ચ થનાર છે. લોન્ચથી પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબંધિત અધિકારીઓને યોજનાને સફળ બનાવવા અને કોઈપણ પ્રકારની ભુલ ન થાય તેનું ધ્યાન રાખવા માટે તાકીદ કરી દીધી છે. ૨૦૧૯ની ચૂંટણીને ધ્યાનમાં લઈને વડાપ્રધાન કોઈપણ પ્રકારની ભુલ થાય તેમ ઈચ્છતા નથી કારણ કે ચૂંટણીમાં આને સૌથી મોટો મુદ્દો બનાવવામાં આવનાર છે. આયુષ્યમાન ભારત નેશનલ હેલ્થ પ્રોટેકશન સ્કીમને સામાન્ય રીતે મોદી કેર નામથી ઓળખવામાં




આવી રહી છે. આનો પહેલો તબક્કો ૧૫મી ઓગસ્ટના દિવસે લોન્ચ થશે. જેની અંતિમ તારીખ બીજી ઓકટોબરના દિવસે રાખવામાં આવી છે. પહેલા તબક્કામાં ૧૨ રાજ્યોમાં આ યોજના લોન્ચ કરવામાં આવનાર છે. યોજનાની તૈયારી સાથે સંબંધિત એક ઉચ્ચસ્તરીય બેઠક મોદીએ હાલમાં જ અધિકારીઓ સાથે યોજી હતી. જેમાં કોઈપણ પ્રકારના ફ્રોડ અથવા તો અયોગ્ય લોકો સુધી સ્કીમ પહોંચાડવાથી રોકવા માટે ખાસ સાવધાની રાખવા તમામને કહેવામાં આવ્યું છે. વડાપ્રધાન એમ પણ કહ્યું છે કે ટૂંક સમયમાં જ ચૂંટણી યોજનાર છે. જેથી નાની નાની ભુલ પણ મુદ્દાઓ બની શકે છે. જેથી વધારે સાવધાની રાખવાની જરૂર છે. વડાપ્રધાને સ્કીમ સાથે સંબંધિત લોકોને લઈને કેટલીક ખાસ સૂચનાઓ પણ આપી દીધી છે. એમ માનવામાં આવે છે કે આ સપ્તાહમાં જ લોગો પણ જારી કરી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ચર્ચાસ્પદ કલમ ૩૫-એ મામલે આજે સુનાવણી

**સુનાવણી મોકુફ રાખવા રાજ્યની ઉગ્ર દલીલો : કલમ ૩૫-એ રાજ્યને વિશેષ અધિકારો ઉપલબ્ધ કરાવે છે : તરફેણ-વિરોધ કરનાર લોકો હાલમાં આમને સામને**

શ્રીનગર, તા. ૫

જમ્મુ-કાશ્મીર અને દેશભરમાં ભારે ચર્ચા જગાવનાર કલમ ૩૫-એની કાયદેસરતાને લઈને સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. કલમ ૩૫-એની કાયદેસરતાને પડાકર ફેંકતી અરજી પર હવે જે સુનાવણી થનાર છે તેમાં તર્કદાર દલીલો રજુ કરવામાં આવનાર છે. ૩૫-એ કલમ રાજ્યને વિશેષ અધિકાર ઉપલબ્ધ કરાવે છે. આને લઈને વિરોધ કરનાર અને સમર્થન કરનાર લોકો આમને સામને આવી ગયા છે. રાજ્ય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના રજીસ્ટ્રાર સમક્ષ એક અરજી દાખલ કરીને માહિતી આપવામાં આવી છે કે આગામી પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી તથા મ્યુનિસિપલ ચૂંટણી માટે તૈયારીઓ ચાલી રહી છે. જેથી આ અરજી પર સુનાવણી હાલ હાથ ધરવામાં ન આવે તે જરૂરી છે. રાજ્ય સરકરા દ્વારા કરવામાં આવેલી રજુઆતને આવતીકાલે ધ્યાનમાં લેવામાં આવશે.

## ભાજપ-ટીઆરએસ વચ્ચે ગઠબંધનના સ્પષ્ટ સંકેતો

**મોદીની સાથે ટીઆરએસ પ્રમુખ ચંદ્રશેખર રાવની સફળ વાતચીત બાદથી નવા સમીકરણોના સ્પષ્ટ સંકેતો મળ્યા**

નવી દિલ્હી, તા. ૫

વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીને લઈને તમામ પાર્ટીઓ પોત પોતાની રીતે તૈયારીઓ કરી રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પાર્ટી તૈયારીમાં સૌથી આગળ દેખાઈ રહ્યા છે. ચૂંટણીમાં જીત હાંસલ કરવા માટે દરરોજ નવા નવા સમીકરણો રચાઈ રહ્યા છે. આના ભાગરૂપે ભાજપ અને કોંગ્રેસ ગઠબંધનને મજબૂત કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. નવી પાર્ટીઓને સાથે લાવવાની કવાયત ચાલી રહી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે તેલંગાણા રાષ્ટ્રીય સમિતિ અને ભાજપ વચ્ચે ચૂંટણી બાદ ગઠબંધન પર એક સંભવિત સંમતિ સધાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તેલંગાણાના મુખ્યમંત્રી અને ટીઆરએસના પ્રમુખ ચંદ્રશેખર રાવની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે

● અનુસંધાન પાન-૭ પર

## ઈનડોનેશિયામાં પુનઃ પ્રચંડ ભૂકંપ

જાકાર્તા, તા. ૫

ઈન્ડોનેશિયાના લોમબાક દ્વિપમાં આજે પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે ભારે તબાહી થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે. જોકે હજુ સુધી મોતના આંકડાને લઈને કોઈ માહિતી મળી શકી નથી. રિકટર સ્કેલ ઉપર ભૂકંપની તીવ્રતા સાતથી વધુ

**ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જારી : લામબાક દ્વિપમાં રહેતા નાગરિકોમાં વ્યાપક દહેશત**

હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ભૂકંપનો આંચકો આવ્યા બાદ સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી ચુકી છે. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર અંદર હોવાનું જાણવા મળ્યું છે. એક સપ્તાહની અંદર જ બીજી વખત ભૂકંપનો આંચકો આવ્યો છે. સપ્તાહ પહેલા જ અહીં ભૂંકપમાં ૧૭ લોકોના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**મમતાની રેલીમાં જોડાશે ઉદ્ધવ ઠાકરે**

આગામી વર્ષે કોલકત્તામાં મમતા બેનર્જી દ્વારા યોજાનાર મહારેલીમાં શિવ સેનાના ઉદ્ધવ ઠાકરે પણ જોડાશે.

**દિલ્હીના બાબુઓની સીએલ કપાશે**

દિલ્હી સરકાર અને રાજ્ય સરકાર માટે કાર્ય કરનાર અધિકારીઓ વચ્ચે હજુ ખેંચતાણ ચાલુ છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે કે જે અધિકારીઓ જનસુવણીમાં હાજર નહી રહે તેમની સીએલમાં કાપ મુકવામાં આવશે.

**મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ માટે આવેદન**

ભાગેડુ આરોપી મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ માટે ભારત સરકારે એન્ટીગુઆ સરકારને અનુરોધ કર્યો છે. મેહુલ ચોકસી પંજાબ નેશનલ બેંક સાથે બે અરબ ડોલરની છેતરપીંડી કરી હાલમાં એન્ટીગુઆમાં શરણ લઈ રહ્યા છે.

**મુગલ સરાય રેલવે સ્ટેશનનું નામ બદલાયુ**

યુપીના ચંદોલી જિલ્લામાં સ્થિત મુગલ સરાય રેલવે સ્ટેશનનું નામ બદલીને પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાખવામાં આવ્યુ છે. નવા નામની તક્ષીનું લોકાર્પણ રેલમંત્રી પીયૂષ ગોયલ, સીએમ આદિત્યનાથ યોગી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતુ.

**ઉત્તરાખંડના ચામોલીમાં વાદળ ફાટ્યુ**

ચમોલી જિલ્લાના કર્ણપ્રયાગના સૂનાલી ગામમાં, વાદળ ફાટવાને કારણે પાંચ મકાનોને નુકસાન પહોંચ્યુ છે. એક જ પરિવારના ચાર લોકો ઘાયલ થયા છે, જ્યારે અન્ય ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વચ્ચે હવામાન વિભાગ ચેતવણી આપી છે કે આગામી ૪૮ કલાક અતિ સંવેદનશીલ છે. આગામી સમયમાં ભારે વરસાદ પડવાની આશંકા છે.

# રાજ્યમાં વરસાદ ખેંચાતા ઘેરી ચિંતા

**લાંબા સમયના વિરામથી રાજ્યભરમાં દૂષ્કાળની આશંકાના વાદળો છવાયા : અમદાવાદ-દક્ષિણ ગુજરાતમાં ઝાપટાની આગાહી**



અમદાવાદ, તા.૫

ગુજરાતમાં આગામી દિવસો માટે મધ્યમથી ભારે વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. જોકે મોનસૂનની સિઝનમાં ઓગસ્ટ મહિનામાં ગુજરાત અને અમદાવાદમાં ઘણા દિવસ વરસાદ વગર નીકળી જતા લોકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. થોડાક સમય પહેલા જ દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને મધ્યમ ગુજરાતમાં ભારે વરસાદ થયો હતો પરંતુ ત્યારબાદથી વરસાદમાં બ્રેકની સ્થિતિ મુકાઈ ગઈ છે. હવામાન વિભાગ પણ માને છે કે ભારે વરસાદની કોઈ ચેતવણી નથી. મધ્યમથી હળવા વરસાદી ઝાપટા દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં રહી શકે છે.

બીજી બાજુ અમદાવાદમાં પણ વરસાદમાં સંપૂર્ણ બ્રેકની સ્થિતિ જોવા મળી રહી છે. બપોરના ગાળામાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને વરસાદ પડશે તેમ લાગતું હતું પરંતુ વાદળો વિખારાઈ ગયા હતા. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૫.૯ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ અને મત્તમ તાપમાનમાં કોઈ ફેરફારની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પીવી સિંધુ ફાઈનલમાં પરાજીત



નાનજિંગ, તા. ૫

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ ઈતિહાસ રચવાથી સહેજમાં ચુકી જતા ભારતીય બેડમિન્ટન ચાહકોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યું છે. કેરોલીના મારીનની સામે વર્લ્ડ ચેમ્પિયનશીપની મહિલા સિંગલ્સમાં તેની હાર થઈ છે. સ્પેનની કેરોલીના મારીન સામે હારીને સિંધુને સીલ્વર મેડલથી સંતોષ માનવાની ફરજ પડી છે. સિંધુ મારીનની સામે સીધા ગેમોમાં માત્ર ૪૬ મિનિટમાં ૧૯-૨૧, ૭-૨૧થી હારી ગઈ છે. પ્રથમ ગેમમાં મુકાબલો જોરદાર રહ્યો હતો

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૧૯માં ભાજપનો સામનો કરવા મજબૂત મોરચાની જરૂર : દેવગૌડા

નવી દિલ્હી, તા. ૫

ભાજપની સામે એક મજબૂત મોરચાની તરફેણ કરનાર પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાએ હતા કે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો વડાપ્રધાન પદના ઉમેદવારના મુદ્દાને ચૂંટણી બાદ છોડી દેવા ઈચ્છુક છે. કારણ કે તેમને લાગે છે

**યુપી, બિહારમાં લઘુમતીઓ મુશ્કેલીઓમાં છે, મમતાની દાવેદારીને લઈને વિરોધ નથી : ગૌડા**

કહ્યું છે કે તેઓ તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે વિપક્ષ તરફથી વડાપ્રધાન પદના ચહેરા બનાવવા માટે વિરોધમાં નથી. ૮૫ વર્ષીય દેવગૌડાની આ ટિપ્પણી ખૂબ મહત્વપૂર્ણ છે. હાલમાં જ એવા અહેવાલ આવ્યા કે જો ચૂંટણી પહેલા આ વિષયને લઈને ચર્ચા છેડાશે તો વિપક્ષની એકતાને નુકસાન થઈ શકે છે. દેવગૌડાની પાર્ટી જેડીએસએ કર્ણાટકમાં કોંગ્રેસની સાથે ગઠબંધન સરકાર બનાવી છે.

તેમણે કહ્યું છે કે ભાજપને સત્તાથી દુર કરવા માટે વિપક્ષને એકત્રિત કરવામાં કોંગ્રેસ પાર્ટી મહત્વની ભૂમિકા અદા કરશે. પૂર્વ વડાપ્રધાને દિલ્હીમાં એક ઈન્ટરવ્યુમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે ત્રીજા મોરચાની રચના પોતાના શરૂઆતી દોરમાં છે. મમતા તમામ બિનભાજપ પક્ષોને એકમંચ પર લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. દેવગૌડાએ ૧૯૯૬માં જનતાદળના નેતૃત્વમાં સંયુક્ત મોરચા સરકારનું નેતૃત્વ કર્યું હતું. અલબત્ત તેમની સરકાર એક વર્ષથી પણ ઓછા સમય સુધી ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## ઓબીસી બીલ મામલે ભાજપ આશાવાદી

નવી દિલ્હી, તા. ૫

૨૦૧૯ની ચૂંટણી પહેલા ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ ભાજપને એકબાજુ સંયુક્ત વિપક્ષનો સામનો કરવાની ફરજ પડી શકે છે. આવી સ્થિતિમાં ભાજપને દલિત-ઓબીસીમાં તેમના સપોર્ટ બેઝ ઉપરાંત હિન્દુત્વ એજન્ડા પર નજર કેન્દ્રિત કરી લીધી છે. આજ કારણસર ભાજપે એકબાજુ પછાત સમુદાય સાથે જોડાયેલા બિલોને ઝડપથી આગળ વધાર્યા છે. બીજી બાજુ ગેરકાયદે પ્રવાસીઓને લઈને પણ મોરચો ખોલી દીધો છે.








